## હરિની દ્રષ્ટિ...



દાદા... હું બહાર લાકડી લઈને જાઉ તો ચિંતાના કરો... ઘુંટણમાં તકલીફ નથી અને અનામત આંદોલન પણ નથી કરતો... આ સેલ્ફી સ્ટીક છે...!!

# ગ્રામ વિકાસ કમિશનના ઉપસચિવની સહી કરીને કોઈએ ઠરાવ કરી નાંખ્યો

## શૌચાલય બનાવવા ચુકવવામાં આવતા ૯ હજારને બદલે હવેથી ૧૨ હજાર ચુકવવાનો ઠરાવ કર્યો : પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૧

હવે તો સચિવાલયમાંથી થતા જી.આર. (ઠરાવ) પણ જીલ્લા કક્ષાએથી ખરાઈ કર્યા બાદ અમલમાં મુકવા પડે તેવી સ્થિતિ ઉદ્‌ભવી છે. તાજેતરમાં સચિવાલયના ગ્રામ વિકાસ કમીશનના ઉપ સચિવની ખોટી સહી કરી કોઈ શખ્સે નવો ઠરાવ કરી નાંખ્યો અને તમામ જિલ્લાઓમાં ફરતો કરી નાંખ્યો હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. શૌચાલય બનાવવા માટે ચુકવવામાં આવતા રૂ. ૯ હજારને બદલે કોન્ટ્રાક્ટરોને રૂ. ૧૨ હજાર ચુકવવા તેવો આદેશ કરતો ઠરાવ કોઈએ કરી નાંખ્યો છે. ૨૦ દિવસે સચિવાલયમાં ખ્યાલ આવ્યો કે આવો ઠરાવ કોઈએ કરી નાંખ્યો છે જે અંતર્ગત સે. ૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવા પામી છે.

મળતી માહિતી મુજબ ભારત સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં શૌચાલયો બનાવવાની યોજના ચાલી રહી છે. જે અંતર્ગત કોન્ટ્રાક્ટરોને રૂ. ૯ હજાર ચુકવવામાં આવે છે. કોઈ શખ્સે ગ્રામ વિકાસ કમીશનના ઉપ સચિવ સે. ૫માં રહેતા કિલ્લોલ લાભુશંકર પંડ્યાની ખોટી સહી કરીને ટેકનોલોજીની મદદથી નવો જી.આર. તૈયાર કરી નાંખ્યો અને ફરતો કરી દીધો હતો. જેને પગલે તાત્કાલીક ધોરણે ડેપ્યુટી સેક્રેટરીએ આ બોગસ જી.આર.ને રદ કરો નવો જી.આર. બનાવીને મોકલવો પડ્યો છે. કિલ્લોલ પંડ્યાની ફરીયાદને આધારે સેક્ટર-૭ પોલીસે કલમ ૪૬૫, આઈ.ટી.એક્ટ ૩ અને ૭ મુજબ ગુનો દાખલ કરીને પીએસઆઈ વી.આર. બોડાણાએ ઊંડી તપાસ શરૂ કરી છે.

### ૨૦ દિવસમાં કેટલાને ૧૨ હજાર ચુકવાયા તેની તપાસ થશે

સચિવાલયમાંથી ગ્રામ વિકાસ કમીશનના ઉપસચિવની બોગસ સહી કરીને બોગસ ઠરાવ ૬ ઓગષ્ટ ૨૦૧૫ના રોજ કરવામાં આવ્યો હોવાનું ઠરાવ ક્રમાંકની તારીખમાં ઉલ્લેખ છે. અમરેલીના ક્લાર્કે કરેલા ક્રોસ વેરીફેકશન બાદ ૨૫ ઓગષ્ટે બોગસ ઠરાવનો ભાંડો ફૂટ્યો હતો. આ ઠરાવ ૨૦ દિવસ અસ્તિત્વમાં રહ્યો છે. અને તમામ જિલ્લાઓમાં સરક્યુલેટ થયો છે. આ ૨૦ દિવસ દરમ્યાન કેટલા કોન્ટ્રાક્ટરોને રૂ. ૯ હજારને બદલે રૂ. ૧૨ હજારના ચુકવણા થઈ ગયા છે. તેના પર મોટો સવાલ છે. તો બીજી તરફ તે પૈકીનો જ કોઈ કોન્ટ્રાક્ટરની આ નવા બોગસ જી.આર. બનાવવામાં સંડોવણી હોવાની પણ પ્રબળ શક્યતાઓને પગલે પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગરના મેયર હંસાબેન મોદી, ડે. મેયર શ્રી કાર્તિક પટેલ, ડે. મ્યુનિ. કમિશનર અને અધિકારીઓની ટીમ આજે અમદાવાદ સ્માર્ટ સીટી સેમિનારમાં હાજરી આપવા ગઈ હતી.

● ભારતીય જનતા પક્ષની કોર કમિટીની બેઠક આજે મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના નિવાસસ્થાને મળશે.

● ગાંધીનગર શહેરમાં મેલેરીયા-ડેન્ગ્યુના કેસોમાં ધીમી ગતિએ વધારો જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગર જિલ્લામાં પર્વો નજીક આવતાં જ શાકભાજીના ભાવોમાં ઉછાળો આવ્યો છે.

● ગાંધીનગર મેડીકલ કોલેજના સત્તાવાળાઓએ પાંચમા વર્ષના અભ્યાસક્રમની મંજૂરી માટેની દરખાસ્ત એમ.સી.આઈ.ને કરી દીધી છે અને તેના ઈન્સ્પેક્શનની તૈયારીમાં હેવ તંત્ર પરોવાઈ ગયું છે.

● ગાંધીનગરમાં પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જુદા જુદા સંવર્ગની ભરતી માટે યોજાયેલ પરીક્ષાઓ બાદ હવે પસંદ થયેલ ઉમેદવારોને આગામી સપ્તાહમાં નિમણુંક પત્ર આપવાનો એક સમારોહ યોજવાનું આયોજન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

# મંત્રીમંડળના વરિષ્ઠ મંત્રીઓ સાથે મુખ્યમંત્રીની મહત્વની બેઠક

ગાંધીનગર, તા. ૧

રાજ્યમાં તાજેતરમાં થયેલ તોફાનોમાં મૃત્યુ પામેલ મૃતકોના પરીવારોને આર્થિક સહાય આપવા તેમજ તોફાનો અંગે પોલીસ દ્વારા ગુનો નોંધીને ધરપકડ કરવાની શરૂ કરેલી કાર્યવાહી અંગે આજે રાજ્ય સરકારની કોર કમીટીની મળેલી બેઠકમાં ચર્ચા વિચારણા કરીને નિર્ણય લેવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં મહેસાણા સહીત કેટલાક વિસ્તારોમાં તોફાનો થયા હતા. આ તોફાનો અંગે પોલીસ દ્વારા ગુના નોંધીને ધરપકડ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેની સાથે મહીલાઓ દ્વારા વિરોધ રેલીઓ શરૂ કરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને રાજ્યના ચાર સિનીયર મંત્રીઓ નિતીનભાઈ પટેલ, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સૌરભભાઈ પટેલ સાથે એક મહત્વની બેઠક મળી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠકમાં રાજ્યમાં તાજેતરમાં થયેલા તોફાનોમાં મૃત્યુ પામનાર મૃતકોના પરિવારોને આર્થિક સહાય કેટલીક આપવી અને ક્યારે જાહેરાત કરવી એ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત આ બેઠકમાં તોફાનો સંદર્ભે પોલીસ દ્વારા ગુનાઓ અંગે ગુનો નોંધી ધરપકડ કરવાની જે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે તે સામે વિરોધ ઉઠતા શું કરવું, ગુના નોંધી કાર્યવાહી કરવી કે કેમ તે અંગે પણ ચર્ચા વિચારણા કરીને કોઈ મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. જોકે આ બેઠકમાં શુ નિર્ણયો લેવાયા તે અંગે કોઈ જ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

# ગાંધીનગર ડીવિઝનમાં ૩૦ લાખ પોલીસી હોલ્ડર્સ : જુની પોલીસી શરૂ કરવા વ્યાજમાં ડિસ્કાઉન્ટની જાહેરાત

## ભારતીય જીવન વીમા નિગમ દ્વારા વીમા સપ્તાહની ઉજવણી અન્વયે વિવિધ કાર્યક્રમો

ગાંધીનગર, તા ૧

ભારતીય જીવન નિગમ દ્વારા ૫૯માં વર્ષની ઉજવણી અન્વયે વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર ડિવિઝનલ કચેરી દ્વારા પણ વીમા સપ્તાહની ઉજવણી અન્વયે ચિત્ર સ્પર્ધા, કવીઝ તેમજ કસ્ટમર મીટ જેવા કાર્યક્રમોનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. ગાંધીનગર ડિવિઝનલ એરિયામાં ૩૦ લાખ જેટલા પોલિસી હોલ્ડર્સ છે. વિમા સપ્તાહની ઉજવણી દરમિયાન બંધ પડેલી જુની પોલીસી શરૂ કરી દેવા વ્યાજમાં ૨૦ ટકાથી વધુ ડીસ્કાઉન્ટ આપવાની પણ જાહેરાત કરી છે.

ભારતીય જીવન વિમા નિગમ દ્વારા ૫૯માં વર્ષની ઉજવણી અન્વયે વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ અંગે ગાંધીનગર ડિવિઝનલ કચેરીના મુખ્ય પ્રબંધક એસ પી સોમાણીએ માહીતી આપતા જણાંવ્યુ હતુ કે દેશના ખુણે ખુણે લાઈફ ઈન્શયોરન્સનો વિકાસ થાય તે માટે એલ આઈ સી કાર્યરત છે.એસ આઈ સી હાલ ૧,૮૨,૪૧૯૪.૯૫ કરોડનુ ફંડીંગ ધરાવે છે. જયારે કુલ ૩૦ કરોડથી વધુ વિમા ધારકોનો અને ૨૦ લાખ કરોડની અસ્કયામતો ધરાવે છે. જુથ વિમા યોજનામાં ૩૧૬.૭૪ લાખ નવી જીન્દગીઓ તેમજ સામાજીક સુરક્ષા ક્ષેત્રે ૨૦૫.૯૭ લાખ નવી જીન્દગીઓને વિમા કવચ પુરુ પાડવામાં આવી રહયુ છે. વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન ૨૩૨.૩૨ લાખ દાવાઓ હેઠળ કુલની ચુકવણી પેટે ૯૦૪૫૮.૧૬ કરોડ તથા મૃત્યુ દાવાઓ તેમજ ૯૭.૭૮ ટકા પરિપકવતા દાવાઓની ચુકવણી કરવામાં વીમા ઉદ્યોગોમાં અગ્રેસર રહી હોવાનુ પણ તેમણે જણાંવ્યુ છે.જીવન જયોતિ વીમા યોજના હેઠળ પણ ૭ લાખને આવરી લેવાયા છે. જે અન્વયે ગાંધીનગર વિભાગ દ્વારા ૨૫ માંથી ૧૫ કલેમ ચુકવી દેવાયા છે. ગાંધીનગર ડીવિઝનલ કચેરી દ્વારા વીમા સપ્તાહની ઉજવણી અન્વયે ચિત્ર સ્પર્ધા કવીઝ તેમજ કસ્ટમર્સ મીટનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે.





# દેશભરના ૮૦૦૦ વીમા કર્મચારીઓ આજે હડતાલ પર

ગાંધીનગર, તા. ૧

કેન્દ્ર સરકાર દ્વારા શ્રમિક કાયદાઓના ફેરફાર, લઘુત્તમ વેતન, બોનસ, એફડીઆઈમાં વધારો ન કરવો, બેંકિંગ ઉદ્યોગમાં સુધારાના નામે જાહેર બેંકને નબળી પાડવાની પ્રવૃત્તિઓ જેવા વિવિધ અગિયાર મુદ્દે તમામ કેન્દ્રિય શ્રમ સંગઠનો તા. ૨જી સપ્ટેમ્બરે હડતાલ પાડશે.

વીમા ઉદ્યોગમાં પણ હાલ અસંતોષ પ્રવર્તી રહ્યો હોવાથી એલઆઈસી સહિત દેશભરના વીમા ઉદ્યોગના ૮૦૦૦ કર્મચારીઓ હડતાલ પર ઉતરશે. જેમાં ગાંધીનગર ડિવીઝનના અંતરમાંજ પાંચ જિલ્લાના ૮૦૦ વીમા કર્મચારીઓ સુત્રોચ્ચાર સાથે હડતાલ પાડશે.

કેન્દ્ર સરકાર દ્વારા વીમા કંપનીઓમાં એફડીઆઈનો વધારો કરી રાષ્ટ્રીયકૃત વીમા ઉદ્યોગને નબળો પાડવા માટેના પ્રયત્નો કરી રહી છે. તેમજ વીમા કર્મચારીઓજ વેતન સુધારાતા ૧લી ઓગષ્ટથી મળવા પાત્ર હોવા છતાં વાટાઘાટો હાથ ધરાતી નથી અને વધારાનો પેન્શન ઓપ્શન આપવામાં ઠાગાઠૈયા કરાઈ રહ્યા છે.



**બોળ ચોથ :** ભારતીય સંસ્કૃતિમાં બોળ ચોથનો અનોખો મહિમાં છે. મગ અને રોટલા ખાઈને ગ્રામીણ સંસ્કૃતિના જતનની સાથે સાથે ગાય માતાનો આદર ભાવ વ્યક્ત કરવાનો છુપો સંદેશો છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

# દશેલા પાસેના બોડીયા ગામમાં ત્રણ સંતાનની માતાની હત્યા

## રાત્રે એક વાગે પતિ-પત્નિ બાઈક પર ઘરે જતાં હતા ત્યારે બનેલી ઘટના : પતિએ જ હત્યા કરીને પત્નિ અચાનક બેભાન થઈ ગઈ હોવાનો ૧૦૮ને કોલ કર્યો હોવાની આશંકા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નજીકના ચિલોડા-સાદરા માર્ગ પર સ્થિત દશેલા ગામ પાસેના બોડીયા ગામની ત્રણ સંતાનની માતાની હત્યા થતા ચકચાર મચી જવા પામી છે. પતિ-પત્નિ રાત્રે બાઈક પર ઘરે જતા હતા ત્યારે પતિએ ૧૦૮ને પત્નિ બેભાન થઈ ગઈ હોવાનો કોલ કર્યો હતો. રસ્તામાં પતિએ જ ટુંપો આપી પત્નિની હત્યા કરી હોવાની પ્રબળ આશંકાએ ચિલોડા પોલીસે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ બોડીયા ગામમાં રહેતા દિલીપ ઠાકોર અને તેની ૨૫ વર્ષિય પત્નિ નિલમ ઠાકોર બંને પોતાના ત્રણ સંતાનોને ઘરે મુકીને રવિવારે રાત્રે ગામમાં કુટુંબીજનોના ઘરે ગયા હતા. રાત્રે ૧ વાગ્યે બાઈક પર બંને પતિ-પત્નિ ઘરે જઈ રહ્યા હતા. દરમ્યાન પતિ દિલીપે ૧૦૮ એમ્બ્યુલન્સમાં ફોન કર્યો કે પત્નિ નિલમ અચાનક રસ્તામાં બેભાન થઈ ગઈ છે. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નિલમને સાદરા હોસ્પિટલ લઈ જવાઈ પરંતુ તે મૃત હાલતમાં હોવાનું ધ્યાને આવ્યું હતું. ચિલોડા પોલીસને ઘટનાની જાણ થતાં જમાદાર દેવેન્દ્રસિંહ તથા તેમની ટીમ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી અને પહેલેથી જ શંકાસ્પદ જણાતા આ કેસમાં છાનબીન શરૂ કરી હતી. પેનલ ડૉક્ટરથી પીએમ કરાવી રીપોર્ટ આવે તેની રાહ જોવાઈ રહી છે. પતિએ જ ટુંપો આપીને રસ્તામાં અંધારાનો લાભ લઈ પત્નિની હત્યા કરી હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. પોલીસે તે દિશામાં સઘન તપાસ હાથ ધરી છે.

# ભાજપ પ્રદેશ કાર્યાલય પર આજે નિરીક્ષકોનો વર્કશોપ

ગાંધીનગર, તા. ૧

ભાજપ પ્રદેશ કાર્યાલય ખાતે પ્રદેશ તરફથી નિયુક્ત કરવામાંઆવેલા નિરીક્ષકોનો વર્કશોપ આવતીકાલે યોજાનાર છે. જેમાં કાર્યકરોની રજુઆતને સાંભળવામાં આવશે.

આ અંગે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રવક્તા આઈ કે જાડેજાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગુજરાતમાં આગામી દિવસોમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના અનુસંધાનમાં ભાજપાના પ્રદેશ એકમ દ્વારા ૬૭ જેટલી નિરીક્ષકોની ટીમ બનાવવામાં આવી છે. ભાજપાના ત્રણ આગેવાન કાર્યકરોની ટીમમાં રાજય મંત્રીમંડળના સભ્યો, સંસદસભ્યો, ધારાસભ્યો, બોર્ડ-નિગમના ચેરમેન સહિત દેશના અગ્રણીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ નિરીક્ષકો પોતાને સોંપાયેલ શહેર, જીલ્લાનાં જુદા જુદા વોર્ડમાં વિસ્તારમાં મુલાકાતે જશે. આ અગ્રણીઓ પોતાને સોંપાયેલ વોર્ડમાં વિસ્તારમાં પાર્ટી દ્વારા નિર્ધારીત કરેલ કાર્યકરોને ચૂંટણીના સંદર્ભમાં સાંભળવાની કામગીરી કરશે. ભાજપાના પ્રદેશ પ્રવક્તા આઈ કે જાડેજાએ આ અંગેની વિગતોમાં વધુમાં જણાવ્યું હતું કે, છ મહાનગરોમાં યોજાનારી ચૂંટણીના સંદર્ભમાં ભાજપાએ ૩૪ ટીમો બનાવી છે. આ પ્રત્યેક ટીમમાં ભાજપાના ત્રણ અગ્રણીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ નિરીક્ષકો સપ્ટેમ્બર મહિનાની ૬,૭,૮ તારીખોએ છ મહાનગરના જુદા જુદા વોર્ડમાં ઉપસ્થિત રહી કાર્યકરોની ચૂંટણીના સંદર્ભમાં, ઉમેદવારીના સંદર્ભમાં રજૂઆત સાંભળવાનું કાર્ય કરશે. વોર્ડ કક્ષાએથી આવેલ રજૂઆતોના આધારે પોતાનો અહેવાલ તૈયાર કરી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં રજૂ કરશે. આઈ કે જાડેજાએ વિગતોમાં વધુમાં જણાવ્યું હતું કે, ૩૧ જીલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત અને ૫૬ નગરપાલિકાની આવનારી ચૂંટણી માટે ભાજપાએ નિરીક્ષકોની ૩૩ ટીમ બનાવી છે. આ ટીમો સપ્ટેમ્બરના ત્રીજા સપ્તાહમાં જુદા જુદા જીલ્લાઓમાં કાર્યકર્તાઓને સાંભળવાની કાર્યવાહી કરશે. કાર્યકરો દ્વારા આવેલી રજૂઆતોને આધારે અહેવાલ તૈયાર કરી પાર્લામેન્ટરી બોર્ડમાં રજૂ કરશે.

# હિંસક ઘટનાની તપાસ હાઈકોર્ટના સિટિંગ જજ દ્વારા કરાવવાની માંગ

## ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતાઓની સંયુક્ત પત્રકાર પરિષદ : પોલીસને બેફામ લાઠીચાર્જના આદેશ કોણે આપ્યા હતા તેની પણ જાહેરાત કરવા માંગણી કરવામાં આવી : આનંદીબેન સરકાર પર કોંગી નેતાના આક્ષેપ

અમદાવાદ, તા.૧

અમદાવાદમાં તા.૨૫મી ઓગસ્ટના રોજ યોજાયેલી પાટીદાર અનામત રેલી શાંતિપૂર્ણ રીતે સમ્પન્ન થઈ હોવા છતાં મોડી સાંજે પોલીસે હાર્દિક પટેલની ધરપકડ કરી તથા બેફામ લાઠીચાર્જ કરી સમગ્ર ગુજરાતને અશાંતિ આગમાં ધકેલી દેવાની ઘટનાને ખુબ જ ગંભીર ગણી કોંગ્રેસ પક્ષે આ સમગ્ર ઘટનાની હાઈકોર્ટના સીટીંગ જજ દ્વારા તપાસ કરાવવાની જોરદાર માગણી કરી છે. તેમજ આ ઘટનાને રોકી નહીં શકનાર મુખ્યમંત્રી આનંદીબેન પટેલના રાજીનામાની પણ માગણી દોહસવી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે આજે કોંગ્રેસના દિગ્ગજ નેતાઓની એક પત્રકાર પરિષદ યોજાઈ હતી. જેમાં કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, વિધાનસભાના વિપક્ષ નેતા શંકરસિંહ વાઘેલા, પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયા, સિધ્ધાર્થ પટેલ તથા શકિતસિંહ ગોહિલ વગેરે હાજર રહ્યા હતા. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકારની દમનકારી નીતિઓ કડવો અનુભવ અને ગુજરાતના નાગરિકોને સૌ પ્રથમવાર ઈન્ટરનેટ કર્ફ્યુનો અહેસાસ કરાવવામાં આવ્યો છે. પ્રજાહિત તો ક્યારેય જેમના એજન્ડામાં જ ન હતું. તેવા ભાજપના શાસનમાં નિર્દોષ પ્રજા ઉપર અંગ્રેજોના શાસનની યાદ અપાવે તેવો દમનકારી કોરડા વીંઝવામાં આવ્યા છે. એક સમયે ભાજપના જ સમર્થનકારી એવા પાટીદાર સમાજે તો તેમની સભા ઉપરના લાઠીચાર્જને જલિયાવાલા બાગની ઘટના સાથે સરખાવ્યો છે. ગુજરાતના ઈતિહાસમાં કલંકરૂપ અને અભૂતપૂર્વ ઘટનારૂપે ગુજરાતની વડી અદાલતે રાત્રે ૮-૩૦ કલાકે કાર્યવાહી હાથ ધરીને જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે પગલા લેવા ગુજરાત સરકારને સખત શબ્દોમાં આદેશ કરવો પડ્યો છે. ભાજપના સત્તાધીશોના શાસન હેઠળની પોલીસે હેવાનિયતભર્યું વર્તન કરીને નિર્દોષ નાગરિકો જ નહીં પરંતુ માતા અને દીકરીઓ ઉપર પણ બેરહીમીથી દમન આચર્યું છે. નિર્દોષ પ્રજાજનોને ઘરમાંથી બહાર કાઢીને ઢોર માર મારવાની, ધાબા ઉપરથી નીચે ફેંકી દેવાની કે નાગરિકોના વાહનો કે સંપત્તિની તોડફોડ કરવાની પોલીસની આ જંગલીયતભરી વર્તણૂંક માત્ર ભાજપના શાસનમાં જ શક્ય છે. ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સત્તાધીશોના નજર હેઠળ ગુજરાતની નિર્દોષ પ્રજા અને મીડીયાકર્મીઓ ઉપર પોલીસ દ્વારા કરવામાં આવેલ અત્યાચાર અને દમનને સખત રીતે વખોડી કાઢે છે અને આ સમગ્ર ઘટનાની હાઈકોર્ટના સીટીંગ જજ દ્વારા તપાસ કરાવવાની અને માગણી કરીએ છીએ. શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, વીસ નગરની ઘટના વખતે એ રાજય સરકારને આંદોલનકારીઓ સાથે વાટાઘાટો કરવા માટે વિનંતી કરી હતી અને એવી પણ ચેતવણી આપી હતી કે લોકજુબાન એટલો બધો ઉગ્ર છે કે રોડ પર ઉતરી આવેલા લોકો આજે ચર્ચા નહી કરો તો ૨૦૧૬માં તમારી સરકાર પણ નહિ રહે તેમ છતાં અહંકારમાં આવતી રાજય સરકારે અણઘડ નિતિને કારણે ગુજરાતને આગમન ધકેલી દીધું અને તેના પરિણામો સરકારને ભોગવવા પડશે. અમદાવાદની રેલી પૂર્ણ થયા બાદ જી એમ ડી સી ગ્રાઉન્ડ પર બેઠેલા થોડા ઘણા આંદોલનકારીઓ ઉપર બેફામ લાઠીચાર્જની સૂચના મુખ્યમંત્રી અથવા ગૃહમંત્રીએ જ આપી હોય ત્યારે મુખ્યમંત્રી લાઠીચાર્જ અંગે કોની સામે તપાસ કરાવશે. તેમણે વેધક પ્રશ્નો કર્યા હતા. પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ આંદોલન કારીઓ ઉપર પોલીસ લાઠીચાર્જની કડક શબ્દોમાં નીંદા કરી હતી. ઘટના માટે રાજયનું પોલીસ તંત્ર તથા રાજય સરકાર જવાબદાર છે તેવો સીધો આક્ષેપ કર્યો હતો. પરંતુ કેન્દ્ર અને ગુજરાતમાં સહકારી હોવાનો પણ વ્યંગ કર્યો હતો. જ્યારે પૂર્ણ પ્રદેશ પ્રમુખ સિધ્ધાર્થ પટેલે ઘટના અંગે મુખ્યમંત્રીના રાજીનામાની માગણી કરી હતી. કોંગ્રેસના આ સહકારની રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે વિવિધ ગતિશીલતા ગુજરાતને અધોગતિ તરફ ધકેલી રહી છે. હાર્દિક પટેલની ધરપકડ, પોલીસ લાઠીચાર્જનો ઓર્ડર કોણે આપ્યો હતો તે જાહેર કરવાની માગણી કરી હતી.

### કોંગ્રેસની કઈ-કઈ માંગ

- મૃતકોને વળતર અને તેમના આશ્રિતોને સરકારમાં નોકરી આપવામાં આવે
- પોલીસ દમનનો ભોગ બનેલ ઈજાગ્રસ્તોને વળતર ચૂકવવામાં આવે
- તપાસના નામે નિર્દોષને રંજાડવાનું બંદ કરવામાં આવે
- ધરપકડ કરેલ તમામ નિર્દોષ આંદોલનકારીઓને મુક્ત કરવામાં આવે
- શાંત આંદોલનકારીઓ અને નાગરિકો ઉપર દમનનો કોરડો વીંઝવાનો હુકમ કરનાર દમનના હુકમ માટે દિલ્હી ગાંધીનગરના જવાબદાર મંત્રી-સંત્રી-અધિકારીઓ સામે પગલાં ભરવામાં આવે
- શાંતિપૂર્ણ આંદોલનને તોડી પાડવા બિનલોકશાહી રીતરસમ અજમાવી દમન જુલમનો સહારો લઈ
- ૧૩ નિર્દોષ નાગરિકોના મોત નીપજાવવા માટે
- અસંખ્ય નાગરિકોને ઈજા અને જામમાલને નુકશાન પહોંચાડવા માટે
- તેમની ગાડીઓ અને માલ-મિલકતને નુકશાન પહોંચાડવા માટે
- બહેન-દિકરીઓ સાથે બિભત્સ વર્તન કરવા માટે
- આંદોલનનું સમર્થન કરતાં શાંતિપૂર્ણ નાગરિકોને ભયભીત કરી દેવા માટે જવાબદાર અધિકારીઓ સામે તાત્કાલિક પગલાં ભરવામાં આવે અને ક્યાં સંજોગોમાં આ પરિસ્થિતિનું નિર્માણ થયું તેની તપાસ અર્થે નામદાર હાઈકોર્ટના સીટીંગ જજના વડપણ હેઠળ તપાસ બંધ પંચ નિમવામાં આવે